| | |
|---|---|
| **PUBLICATION NAME :** | **Saurashtra Aaspass** |
| **EDITION :** | **All Editions** |
| **DATE :** | **12/05/2022** |
| **PAGE :** | **2** |

# કલાકારો માટે યોજાયો કૌશલ્ય વિકાસ કાર્યક્રમ

## છેલ્લાં બે વર્ષમાં ઈડીઆઈઆઈએ ૧૯,૩૬૧ કલાકારોને સફળતાપૂર્વક તાલીમ આપી




અમદાવાદ

iNDEXT-c સાથે જોડાણમાં ઈડીઆઈઆઈ હસ્તકલા સેતુ યોજના અંતર્ગત કલાકારો (રાજ્ય સરકારના એવોર્ડવિજેતા) માટે એક દિવસનો કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેની શરૂઆત વર્ષ ૨૦૨૦માં થઈ હતી. હસ્તકલા પ્રોજેક્ટમાં પૂરક આ એક-દિવસીય કાર્યક્રમનો ઉદેશ કલાકારોની કુશળતા વધારવા અને માહિતીની અસમાનતા દૂર કરવા માટે સેતુરૂપ બનવાનો હતો, જેથી તેઓ બજારના પ્રવાહો અને માગને સુસંગત રીતે કામ કરી શકે છે. હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા આંતરપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, અમદાવાદ છે. આ પ્રોજેક્ટ કમિશનરેટ ઓફ કોટેજ એન્ડ રુરલ ઈન્ડસ્ટ્રીઝ (સીસીઆરઆઈ), ગુજરાત સરકારનો ટેકો ધરાવે છે. હસ્તકલા સેતુ યોજના માટે અમલીકરણ સંસ્થા તરીકે ઈડીઆઈઆઈ ગુજરાતના ગ્રામીણ અને કુટિર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા ઉદ્યોગસાહસિકતાનું એક સંપૂર્ણ વ્યવસ્થાતંત્ર વિકસાવવા પ્રયત્નશીલ છે. પ્રયોગજન્ય કે અનુભવજન્ય અનુભવો પરથી જાણકારી મળી છે કે, આશરે ૮૮ ટકાથી વધારે કલાકારો વિશિષ્ટ કુશળતા હોવા છતાં તેમને બજારમાં ટકી રહેવા માટે સંઘર્ષ કરવો પડે છે. બજાર સાથે જોડાણ અને પર્યાપ્ત જાણકારીનો અભાવ - આ બંને મુખ્ય પરિબળો કલાકારોની નબળી સ્થિતિ તરફ દોરી ગયા છે. હસ્તકલા સેતુ યોજના કૌશલ્ય અને જાણકારીના આધારે તેમની સ્થિતિમાં પરિવર્તનનો પવન ફૂંકવા માગે છે. આ કાર્યક્રમના ભાગરૂપે ઈડીઆઈઆઈ ગ્રામીણ કલાકારો વચ્ચે જાણકારી અને કૌશલ્યની અસમાનતા દૂર કરી તેમની કુશળતા વધારવા સેતરૂપ બન્યો છે. એટલું જ નહીં તેમના વ્યવસાયને વધારવા નવી રીતો અપનાવવામાં મદદરૂપ પણ થાય છે. આ પ્રોજેક્ટનો અમલ ગુજરાતના ૧૩ જિલ્લાઓમાં થઈ રહ્યો છે, જેમાં તાલીમ કાર્યક્રમો, જરૂરિયાત-આધારિત તાલીમ, પ્રોત્સાહન અને બજાર સાથે તેમના જોડાણ સ્થાપિત કરીને કલાકારોને ટેકો આપવામાં આવ્યો છે અને તેમને બજારમાં શું માગ છે એની જાણકારી આપવામાં આવી છે. લગભગ છેલ્લાં ૨ વર્ષમાં ઈડીઆઈઆઈએ ૧૯,૩૬૧ કલાકારોને સફળતાપૂર્વક તાલીમ આપી છે, જેમાંથી ૭૬૦૫ને કુશળતા વધારવા આધુનિક તાલીમ અને માર્ગદર્શન આપ્યું છે. આ કલાકારોએ રૂ. ૪.૯૮ કરોડની આવક કરી છે. આ એક-દિવસીય કાર્યક્રમમાં ૩૮ કલાકારો અને આશરે ૧૩૦ અન્ય કલાકારો સામેલ થયા હતા, જેમની નોંધણી ઈડીઆઈઆઈ દ્વારા આયોજિત હસ્તકલા સેતુ યોજના અંતર્ગત થઈ હતી. આ કાર્યક્રમનો ઉદેશ કલાકારોની કુશળતાઓ વધારવાનો હતો, જેમાં તેમને હાલની સરકારી યોજનાઓ અને નીતિઓ વિશે જાણકારી મળી હતી તેમજ તેમને નેટવર્કિંગ વધારવા પ્રોત્સાહન મળ્યું હતું. આ કાર્યક્રમમાં લગભગ ૪૦,૦૦૦ કલાકારોની ડિરેક્ટરી તૈયાર કરવાની જાહેરાત થઈ હતી. આ ડિરેક્ટરી કલાકારો, તેમના ઉત્પાદનો/ કુશળતાઓ અને અન્ય વિગતો વિશે જાણકારી મેળવવાનું વન-સ્ટોપ પ્લેટફોર્મ બનશે.

ગુજરાતના કુટિર અને ગ્રામીણ ઉદ્યોગ મંત્રી જગદીશ પંચાલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં અને 'ચાય પે ચર્ચા' પર કલાકારો સાથે સંવાદ કર્યો હતો તેમજ તેમની સાથે રુબરુ ચર્ચા કરીને તેમના એકમો ચલાવવા તેમની સમસ્યાઓ અને પડકારોની જાણકારી મેળવી હતી.